ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૩/૨૨–૨૩/ e-105791 તારીખ : 16.03.23

**આર.પી.એ.ડી.**

કેસ નં.૯૩/૨૨–૨૩

પ્રતિ,
**શ્રી બાંભણીયા નરશીભાઈ આતુભાઈ,**
**પ્લોટ વિસ્તાર, બાપા સીતારામ મઢી પાસે,**
**નવા પ્લોટ,**
**મું.ગઢડા,**
**તા.મહુવા**
**જી.ભાવનગર.**

**મો.નં– ૯૬૨૪૯ ૪૧૨૪૮**

**વિષય : ખોટી રીતે વિજ બિલ આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૯/૦૧/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૫/૦૧/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૩/૨૨–૨૩/૩૬૬ તા.૨૭/૦૧/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૩/૨૨–૨૩/૪૧૬ તા.૩૧/૦૧/૨૦૨૩.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૩/૨૨–૨૩/૦૫ તા.૨૨/૦૨/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૭/૦૨/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, **મહુવા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૯૩/૨૨–૨૩</u> ☜

વાદી :– **શ્રી બાંભણીયા નરશીભાઈ આતુભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૨૭/૦૨/૨૦૨૩</u>** ◈

હાજર રહયા :– **શ્રી બાંભણીયા નરશીભાઈ આતુભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા**
**શ્રી વી.પી.જેઠવા, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી બાંભણીયા નરશીભાઈ આતુભાઈ, મું.ગઢડા, તા.મહુવા, જી.ભાવનગરની ખોટી રીતે વિજ બિલ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૩/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૩/૨૨–૨૩/૩૬૬ તા.૨૭/૦૧/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૪/૦૨/૨૦૨૩ તથા તા.૨૭/૦૨/૨૦૨૩</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી **<u>તા.૧૪/૦૨/૨૦૨૩</u>** હાજર રહેલ નથી. **<u>તા.૨૭/૦૨/૨૦૨૩</u>** ના રોજ શ્રી બાંભણીયા નરશીભાઈ આતુભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર,કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા શ્રી વી.પી.જેઠવા, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમોશ્રી નરશીભાઈ આતુભાઈ બાંભણીયા, પ્લોટ વિસ્તાર, બાપા સીતારામ મઢી પાસે, ગઢડા, તા.મહુવા, જી.ભાવનગર રહેણાંક ધરાવીએ છીએ. અમો સદર સ્થળ પર બીપીએલ યોજનામાં રૂા.૫૦ માં ઘરવપરાશનું મીટર કનેકશન આવેલ હતું. અમારી વિજ કચેરી મહુવા રૂરલ–૧ છે. અમારો ગ્રાહક નં–૩૭૦૪૩/૦૫૫૬૪/૪ છે.

૧.૨ અમોને વિજ કનેકશન લગાડેલ ત્યારબાદ એક વર્ષ બાદ વિજ કનેકશન નું વિજ બિલ આવેલ નહી. તેથી હું વિજ કચેરી, મહુવા રૂરલ–૧ માં ગયેલ. ત્યાં બિલીંગ વિભાગના કર્મચારીએ જણાવેલ કે, તમારી બાજુવાળાનું વિજ બિલ લઈને આવો ત્યારબાદ હું બીજા દિવસે તા.૨૯/૦૬/૨૦૧૭ ના રોજ વિજ કચેરીમાં ગયેલ અને અરજી આપેલ અને તેની સાથે બાજુવાળાનું વિજ બિલની કોપી જોડેલ અને ફરી વારંવાર બિલ માટે ગયેલ.

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar

.૩ અમારૂં ગામ દરીયાકાંઠે છે મજૂરી કામ માટે અવારનવાર મહુવા જવું પડે છે. હું મજુરી કરૂં છું એક સાથે વધારે મોટું બિલ આવે હું ભરી શકુ નહી.

૧.૪ મારી ફરીયાદનો અભ્યાસ કરી મીટર કનેકશન લગાડેલ તેના પ્રફોર્મા મુજબ સળંગ દિવસો બિલ સુધારી વગર વ્યાજે હપ્તા કરી બિલ આપવા હુકમ કરવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ગ્રાહક નું નામ – શ્રી નરશીભાઈ આતુભાઈ બાંભણીયા

ગ્રાહક નં – ૩૭૦૪૩/૦૫૫૬૪/૪

કેટેગરી, લોડ – RGPR, 0.5 KW

રીલીઝ તારીખ – ૧૬/૦૧/૨૦૧૩

પીડીસી તારીખ – ૧૫/૧૨/૨૦૨૦

૨.૨ વાદીશ્રી નરશીભાઈ આતુભાઈ બાંભણીયા, પ્લોટ વિસ્તાર, બાપા સીતારામ મઢી પાસે, ગઢડા, તા.મહુવા, જી.ભાવનગર રહેણાંક ધરાવે છે. વાડીના સદર સ્થળ પર બીપીએલ યોજનામાં રૂા.૫૦ માં ઘર વપરાશનું મીટર કનેકશન આવેલ હતું. તેઓની વિજ કચેરી મહુવા રૂરલ–૧ છે. જેના ગ્રાહક નં–૩૭૦૪૩/૦૫૫૬૪/૪ છે.

૨.૩ વાદીને વર્ષ – ૨૦૧૩ માં પ્રફોર્મા–૧૫ મુજબ તા.૧૬/૦૧/૨૦૧૩ ના રોજ ઝુંપડપટ્ટી સ્કીમમાં મીટર લગાડેલ.

૨.૪ વાદી દ્વારા તા.૦૪/૦૬/૨૦૧૯ તેમજ તા.૨૯/૦૬/૨૦૨૧૯ ના રોજ બિલ ન આવવા બાબતે મહુવા રૂરલ–૧ પેટા વિભાગીય કચેરી ખાતે અરજી કરેલ હતી.

૨.૫ વાદી મજૂરી કામ અર્થે બહાર હોવાથી મકાન બંધ હોય છે. વાદીનું સદર વિજ કનેકશન નોન બિલીગ હોવાથી મહુવા રૂરલ–૧ કચેરીના મીટર રીડરો દ્વારા વાદીને સપ્ટેમ્બર–૨૦૧૭ થી ૦, ૧ તેમજ ૨૦ તેમજ N સ્ટેટસના બિલ આપેલ છે.

૨.૬ મે–જુન–૨૦૨૦ તેઓ સ્થળ પર હાજર હતા ત્યારે મીટરમાં યુનિટ ચકાસીને તેઓને મીટરમાં દર્શાવેલ રીડીંગ ૪૪૧૬ યુનિટ મુજબ વાદીને તા.૧૬/૦૭/૨૦૨૦ ના રોજ રૂા.૩૦,૭૪૭/– બિલ આપેલ.

૨.૭ વાદીને એક સાથે બિલ આવવાથી સદર બિલ બાબતે તેઓને હપ્તા કરી આપવા નાય ઈજનેરશ્રી, રૂરલ–૧ દ્વારા પણ જણાવેલ તેમ છતાં, તેઓ સદર બાબત સ્વીકાર કરવા તૈયાર નહોતા.

૨.૮ ઓડીટ ટીમ દ્વારા ૨૦૧૫–૧૬ માં પેન્ડીગ યુનિટ ની રીકવરી કાઢેલ અને તે મુજબ વાદીના લેઝરમાં તા.૦૫/૦૫/૨૦૨૦ ના રોજ રૂા.૧૧,૪૮૬/– ડેબીટ ભરેલ છે.

૨.૯ વાદીનું એરીયર્સ રૂા.૪૫૬૨૪/– હતું જે તેઓ દ્વારા ભરપાઈ ન કરતા તા.૦૯/૦૯/૨૦૨૦ ના રોજ તેમનું કનેકશન ડિશ કનેકશન કરેલ અને વાદીને તા.૧૦/૦૯/૨૦૨૦ ના રોજ આખરી નોટીસ આપેલ છે.

૨.૧૦ વાદીને વિજ બિલ બાકી લેણાં ભરપાઈ કરવા બાબતે આખરી નોટીસ આપેલ તેમ છતાં, તેઓ દ્વારા સદર કનેકશન પીડીસી કરી નાંખેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૧૧ આમ, વાદીનું સદર કનેકશન નોન બિલીંગ હોવાથી બિલ વધારે આવેલ છે અને વાદીને કોઈ ખોટી રીતે બિલ આપવામાં આવેલ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી બાંભણીયા નરશીભાઈ આતુભાઈ, ગામ–ગઢડા, તા.મહુવા દ્વારા તેમના બીપીએલ કનેકશન નં–૩૭૦૪૩/૦૫૫૪૬/૪ (RGPR) માં પ્રતિવાદીની કચેરી દ્વારા એકી સાથે ૭ વર્ષ જેટલા લાંબા સમય બાદ મોટી રકમનું બિલ મળવાની બાબત ને લઈને તકરાર થતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજની બીજ રૂબરૂ સુનાવણી તા.૨૭/૦૨/૨૦૨૩ ના રોજ બંને પક્ષકારો હાજર છે તેમજ પોતાની રજૂઆતો કરેલ છે.

૩.૩ રજૂ થયેલ રેકર્ડ અને રૂબરૂ સુનાવણી ને આધારે ફોરમને જણાય છે કે, વાદીનું કનેકશન તા.૧૬/૦૧/૨૦૧૩ ના રોજ લગાડવામાં આવેલ. ત્યારબાદ,પ્રતિવાદીની કચેરી દ્વારા મીટર રીડીંગ કરી વાદીને બિલ આપવામાં આવતું ન હતું. જે બાબતને લઈ વાદી દ્વારા પ્રતિવાદીની ગ્રામ્ય–૧ પેટા વિભાગીય કચેરીને તા.૦૪/૦૬/૨૦૧૯ અને તા.૨૯/૦૬/૨૦૧૭ ના રોજ લેખિત અરજી આપી જાણ કરી બિલીંગ કરવા વિનંતી કરેલ. પરંતુ, પ્રતિવાદી દ્વારા કોઈ જ કામગીરી કરવામાં આવી ન હતી.

૩.૪ પ્રતિવાદીની ઓડીટ ટીમ દ્વારા પણ વર્ષ ૨૦૧૫–૧૬ ના વર્ષના ઓડીટ દરમ્યાન આ કેસ નોન બિલીંગ હોવાનું જણાવી પેન્ડીંગ યુનિટની રીકવરી સજેસ્ટ કરેલ હતી. જેની પર પણ પ્રતિવાદી કચેરી દ્વારા કોઈ કાર્યવાહી ન કરતાં, છેવટે તા.૦૫/૦૫/૨૦૨૦ ના રોજ રૂા.૧૧,૪૮૬/– ની ડેબીટ ભરેલ.

૩.૫ વાદીનું એરીયર્સ રૂા.૪૫,૬૨૪/– થવાથી પ્રતિવાદીએ કનેકશનની રકમ ભરપાઈ ન થતાં, તા.૧૫/૧૨/૨૦૨૦ ના રોજ પીડીસી કરેલ.

૩.૬ ફોરમને આ તબકકે જણાય છે કે, પ્રતિવાદી દ્વારા તા.૧૬/૦૧/૨૦૧૩ થી તા.૧૫/૧૨/૨૦૨૦ ના કુલ ૯૩ માસ ના સમયગાળાનું ૪૮૩૯ યુનિટ નું બિલ વાદીને આપેલ છે. એટલે કે, મંથલી ૫૨.૦૩ યુનિટની એવરેજ આવે છે. જેને ધ્યાને લેતાં, ૧૦૪ યુનિટનું બાયમંથલી બિલ બનવું જોઈએ. તેમજ તે રીતે સ્લેબ વાઈઝ ગણતરી કરીને ભરવાપાત્ર થતી રકમનું સ્ટેટમેન્ટ રજૂ કરવા પ્રતિવાદી ની કચેરીને જણાવેલ.

૩.૭ પ્રતિવાદીએ નીચે દર્શાવેલ મુજબનું સ્ટેટમેન્ટ રજૂ કરેલ. જેમાં, સ્લેબ વાઈઝ ગણતરી કરતા વાદીને રૂા.૧૮,૬૭૧/૭૭ નું બિલ ભરવાપાત્ર થાય છે.

<u>CALCULATION SHEET AS PER PRORATA</u>

CON NAME: NARSHIBHAI ATUBHAI

CON NO: 37043055644

VILLAGE NAME: GADHADA

| CONNECTION DATE | BILL ISSUE | DAYS | MONTH | BY MONTH |
|---|---|---|---|---|
| 16/01/2013 | 16/07/2020 | 2700 | 90 | 45 |

P.G.V.C.L. Bhavnagar

| READING TOTAL | BI MONTHLY AVERAGE | FIRST 60 1.5 | $2^{ND}$ 39 2.67 | TOTAL ENERGY |
|---|---|---|---|---|
| 4441 | 99 | 90.00 | 104.13 | 194.13 |

| | | BI MONTH | |
|---|---|---|---|
| FIX | 30 | 45 | 1350.00 |
| ENERGY | 194.13 | 45 | 8735.85 |
| FC | 161.85 | 45 | 7283.24 |
| | TOTAL | | 17369.09 |
| ED 7.5% | 28.95 | 45 | 1302.68 |
| | | | |
| TOTAL | | | 18671.77 |
| | | | |
| BILL ISSUE AS PER METER READER | | | 30746.96 |
| | | | |
| DIFFERENCE AMOUNT | | | -12075.19 |

૩.૮ વાદીના બિલીંગ ને લઈને પ્રથમથી જ પ્રતિવાદી દ્વારા ગંભીર બેદરકારી દાખવવામાં આવેલ છે. જેને લીધે પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે.

૩.૯ આથી, ફોરમ એવા નિષ્કર્શ પર આવે છે કે, જો વાદી રકમ રૂા.૧૮,૬૭૧/૭૭ ની સામે રૂા.૫,૦૦૦/- ભરે તો તેમની બાકીની રકમ છ દ્વિ માસીક હપ્તા માં વસુલ કરવી તેમજ વિલંબીત ચૂકવણી (વ્યાજ) માફ કરવું અને કનેકશન આપવાની કાર્યવાહી કરવી.

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૯ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ-૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :- ૨૭/૦૨/૨૦૨૩.